પોલીસમાં આર.આર. સેલ બંધ કરવા નિર્ણય

તાજેતરમાં અમદાવાદ રેન્જના આર.આર.સેલના જમાદારને ૫૦ લાખના તોડમાં પકડાતા આખરે રૂપાણી સરકારે મોટો નિર્ણય કર્યો : ભૂમાફિયા, લાંચિયા, ટપોરીઓ સાવધાનઃ પોલીસની વર્દી પર કેમેરા લગાવવામાં આવશે, તેમનો પબ્લિક સાથેનો વહેવાર સીધી રીતે જોઈ શકાશે, આર.આર.સેલ નાબૂદ થતા રેન્જ આઇજીની સત્તાની પાંખો કપાઇ

ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી, ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, છઝમ્ના વડા કેશવ કુમાર અને ઢ્ઢઁ આશીષ ભાટિયાએ પત્રકાર પરીષદ કરી હતી. ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી છઝમ્ દ્વારા સપાટો બોલાવામાં આવ્યો છે. રાજ્યમાં લાંચિયા સરકારી કર્મચારીઓ વિરુદ્ધ ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા એન્ટિ કરપ્શન બ્યૂરોને આવા તત્વોને ઝડપી પાડવા માટે છૂટો દોર આપવામાં આવ્યો છે. એસીબીના વડા કેશવકુમાર અને રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ આ અંગે એક પ્રેસ કોન્ફરન્સ સંબોધી છે અને તેના વિશે માહિતી આપી છે. સરકાર દ્વારા કરપ્શન અંગે જે રેપિડ કાર્યવાહી કરવામાં આવી રહી છે તે અંગે આજે રૂપાણી સરકારની કામગીરીને બિરાદવતો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારની કામગીરીનાં આંકડા જાહેર કરતા તેમણે છઝમ્ની કામગીરી વિશે ડાયરેક્ટર કેશવકુમારે વિગતો આપતા જણાવ્યું કે ૨૦૨૧માં ૩૩ કરોડની અપ્રમાણસરની મિલ્કતોનાં કેસ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં ૫૦ કરોડનાં કેસ કરવામાં આવ્યા હતા. સરકારે તપાસ માટે ખુલ્લો દોર આપતા હજુ કેસની સંખ્યામાં વધારો થશે. કેશવકુમારે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬માં ૨૫૮ કેસ, ૨૦૧૭માં ૧૪૮, ૨૦૧૮માં ૩૩૨, ૨૦૧૯માં ૨૫૫, ૨૦૨૦માં ૧૯૯ કરપ્શનના કેસ કરવામાં આવ્યા છે. ૨૦૧૬માં ૪૩૩ વ્યક્તિ, ૨૦૧૭માં ૨૧૩, ૨૦૧૮માં ૭૩૦, ૨૦૧૯માં ૪૭૦, ૨૦૨૦માં ૩૧૦ લાંચિયા વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

ગૃહ વિભાગ દ્વારા વિવિધ આંકડાઓ જાહેર કરતા જણાવવામાં આવ્યું હતું કે ૯૦ બુટલેગરની ધરપકડ કરી લેવામાં આવી છે તો જાતીય સતામણીનાં કેસમાં પણ ગુના દાખલ કરવામાં આવ્યા છે. કોંગ્રેસનાં શાસનમાં જે રંજાડ હતી તે દુર કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. લેન્ડ ગ્રેબીંગ મુદ્દે પણ કાયદો બનાવવામાં આવ્યો છે. સરકારે ફ્રી હેન્ડ કામ કરી શકાય તે માટે મોકો આપ્યો છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી રૂપાણીએ મોટી જાહેરાત કરતા રાજ્યમાં ૧૯૯૫થી ચાલુ આર.આર.સેલને નાબુદ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. ગુજરાતમાં દરેક રેન્જમાં આર.આર.સેલ કાર્યરત હતો. આર.આર.સેલનું વિસર્જન થતાં તેના ફાજલ પોલીસમેનો જુદા જુદા જિલ્લામાં ફળવવામાં આવશે. તેમજ દરેક જિલ્લાના એસ.પી.ને વધુ કાયદાકીય તાકાત આપવામાં આવશે. અત્ર નોંધનીય છે કે તાજેતરમાં થોડા સમય પહેલા અમદાવાદ રેન્જનાં આર.આર. સેલના જમાદારને રુ. ૫૦ લાખના તોડપાણી કાંડમાં પકડવામાં આવ્યો હતો.

આ પ્રેસ કૉન્ફરન્સમાં લેન્ડ ગ્રેબિંગ અંગે મહેસૂલ સચિવ પંકજ કુમારે કહ્યું કે સરકારે લેન્ડ ગ્રેબિંગ એક્ટ પસાર કર્યો હતો. આ અંગે અત્યારસુધીમાં ૬૪૭ અરજીઓ આવી છે જેની તપાસ કરવામાં આવી છે. અત્યારસુધીમાં ૧૬ એફઆઈઆર દાખલ કરી અને ૩૪ લેન્ડગ્રેબરનો સમાવેશ થાય છે. ૧ લાખ ૩૫૦૦૦ ચોરસમીટરથી વધુની જમીન છે. આ જમીનની જંત્રી કિંમત ૨૨૦ કરોડથી વધારે સંકળાયેલી છે. આ ૧૬ એફઆઈઆરથી આટલા મોટા પ્રમાણમાં દબાણ થયેલી જમીનોનાં મામલા સામે આવ્યા છે.

સીએમ રૂપાણીએ કહ્યું કે 'કાયદો વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે માથાભારે તત્વો માથું ન ઉંચકે તે માટે લેન્ડગ્રેબિંગ, સાયબર ક્રાઇમ, ટપોરીઓ જે શરૂઆત કરે અને તેને અંકુશમાં ન કરીએ તો મોટી ગેંગ બનતી હોય છે. ગત વિધાનસભામાં અમે ગુંડાધારો, લેન્ડ ગ્રેબિંગ, ખોટા દસ્તાવેજ વગેરેના ગુનાઓ અંગે કાયદા ઘડ્યા છે. આ અંગે સરકારે અધિકારીઓને છૂટો દોર આપ્યો છે. હજુ પણ આપણે એવી રીતે આગળ વધી રહ્યા છે કે ઓછામાં ઓછી ચોક્કસ સજા પડે અને ભ્રષ્ટાચારીઓ પર ધાક બેસાડવી પડે. આવક કરતાં વધુ મિલકતના કેસમાં તો સાત મહિના આઠ મહિના એક કેસમા જતા હોય છે,ત્યારે આવા કેસ માટે જરૂરિયાત મુજબ વધારે સ્ટાફ, સાધનો, ટેકનોલોજી આપણે આપી રહ્યા છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે ૧૯૯૫થી ચાલતી આરઆરસેલ નાબૂદ કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં પોલીસના બોડી પર કેમેરો લાગશે તેની સમગ્ર કાર્યવાહી કોઈ ત્રીજી વ્યક્તિ નિહાળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

પાલનપુરના ડીસા હાઈવે પર ભંગારના ગોડાઉનમાં ચોરી

પાલનપુર ચરોતર હાઈવે પર આવેલ એવન સ્ક્રેપ ટ્રેડર્સ નામની ભંગાર ની દુકાનના ગોડાઉનનુ તાળુ તોડી રૂ.૨૫,૦૦ની ચોરી કરી થઈ હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર ડીસા હાઈવે પર એવન સ્ક્રેપ ટ્રેડર્સ નામની ભંગારની દુકાન આવેલી છે. જેઓના ગોડાઉનમાં ગત મોડીરાત્રે લોડીંગ રીક્ષા નં.ય્ત્ર-૦૮-છફ- ૨૩ ૫૬ ના ચાલકે ગોડાઉનનું તાળું તોડી અંદર પડેલ ભંગારની ચોરી કરી હતી. ત્યારે ફરિયાદી ઈરફાનખાન હજીસિદીકખાન પઠાણ રહે. આનંદ નગર સોસાયટી જી.ડી.મોદી કોલેજની પાસે પાલનપુર વાળાએ ચોરી કરનાર પ્રકાશભાઈ હમીરજી ઠાકોર રહેવાસી ચડોતર વાળા સામે રૂ.૨૫,૦૦૦ના ભંગારની ચોરી કરવા બદલ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના હિન્દુ સંગઠન દ્વારા લવ જેહાદની ઘટના બનતી અટકાવાઈ

રાજસ્થાનથી વિધર્મી યુવક દ્વારા હિન્દુ યુવતી સાથે લગ્ન કરવાના ઈરાદે પાલનપુર આવ્યો હોવાની હિન્દુ સંગઠનને માહીતી મળી હતી. હિન્દુ સંગઠન દ્વારા લગ્ન થતા અટકાવા બન્નેના પરીવારને જાણ કરવામાં આવી હતી. બનાસકાંઠામાં લવ જેહાદની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. જેમાં રાજસ્થાનથી પાલનપુરમાં વિધર્મી યુવક અને હિન્દુ યુવતી લગ્ન કરવાના ઈરાદે આવ્યા હતા. જેમાં ગુરૂનાનક ચોક નજીક એક ઓફીસમાં લગ્ન કરતા હોવાની માહીતી હિન્દુ સંગઠનના વ્યક્તિઓને મળતા હિન્દુ સંગઠનના યુવાનો ઓફીસમાં પહોંચી હોબાળો કરી લવ જેહાદની ઘટનાને અટકાવવામાં આવી હતી.

વડગામના લક્ષ્મણપુરામાંથી બાઈકની ઉઠાંતરી

વડગામના વરવાડીયા રોડ ઉપર આવેલ લક્ષ્મણપુરા વિસ્તારમાં પ્રાથમિક શાળાની પાછળ રહેતા વેપારી હરેશભાઈ જેઠાભાઇ ધુળીયાએ બુધવાર રાત્રે ઘર આગળ પાર્ક કરેલ હીરો હોન્ડા પેશન પ્રો (નંબર જીજે ૦૮ બીઇ૦૦૭૦) કોઈ અજાણ્યા ચોર ઈસમો ઉઠાવી જતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે મોટર સાયકલ માલિક હરેશભાઈ જેઠાભાઇ ધુળીયા પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત બુધવારની સાંજે તેઓના રહેઠાણ આગળ ઉપરોક્ત બાઈક પાર્ક કર્યું હતું.

કંપની સમાચાર

કેન્દ્રિય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા શેલ એનર્જી ઈન્ડિયાના ટ્રક લોડિંગ યુનીટનું લોકાર્પણ

પેટ્રોલીયમ, નેચરલ ગેસ અને સ્ટીલના મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે શેલ એનર્જી ઈન્ડિયાના પહેલા સ્મોલ-સ્કેલ એલએનજી સપ્લાય ઈન્ફ્રાસ્ટ્રકચર, એક ટ્રક લોડિંગ યુનીટની તેના હજીરાના એલએનજી ટર્મીનલ ખાતે લોકાર્પણ કર્યું હતું. આ હવે શેલના ભારતમાં નેચરલ ગેસ સપ્લાય ઓફરીંગમાં વધારો કરશે જેમાં એલએનજીનો ટ્રક્સ દ્વારા સપ્લાયનો સમાવેશ થાય છે.

નકુલ રહેજા, જેને તાજેતરમાં જ શેલ એનર્જી ઈન્ડિયામાં કંટ્રી હેડ તરીકે કાર્યભાર સંભાળ્યો છે તે જણાવે છે કે, ''૨૦૧૯ની શરૂઆતમાં, અમે હજીરા ટર્મીનલમાં ૨૬ ટકાનો વધારાનો હિસ્સો મેળવ્યો હતો અને સંપુર્ણ માલિકી અને એકીકૃત શેલ વેલ્યુ ચેઈન તૈયાર કરી - અમારા વૈશ્વિક એલએનજી પોર્ટફોલીયોમાંથી સપ્લાય, હજીરા ફેસીલીટી ખાતે રીગેસીફીકેશન અને ડાઉનસ્ટ્રીમ કસ્ટમર સેલ્સ. આ વિકાસ અમારી ડાઉનસ્ટ્રીમ કસ્ટમર ઓફરીંગને વિસ્તારશે અને હવે, આર-એલએનજીની પાઈપલાઈન દ્વારા સપ્લાયથી વધુ, અમે ભારતભરમાં એલએનજીની ટ્રક્સ દ્વારા પણ સપ્લાય કરી શકીશું. હું આવનારા વર્ષોમાં આ ક્ષેત્રનો ખુબ જ વિકાસ જોઈ રહ્યો છું અને આશા રાખું છું કે એનલએનજી ભારતમાં હેવી ડ્યુટી પરિવહન માટે એક શુદ્ધ ઉર્જા વિકલ્પ તરીકે વિકસે.''

બિટસ્કેપએ વિન્ડોઝ સર્વર અને SQL સર્વરનું માઈક્રોસોફ્ટ એઝયોર એડવાન્સડ સ્પેશ્યલાઈઝેશનમાં માઈગ્રેશન કર્યું

બિટસ્કેપે જાહેર કર્યું છે કે તેણે વિન્ડોઝ સર્વર અને જીઊ-સર્વરને માઈક્રોસોફ્ટ એઝયોર એડવાન્સડ સ્પેશ્યલાઈઝેશનમાં સ્થાળંતર કર્યું છે, જે પાર્ટનરનાં ઊંડા જ્ઞાન, બહોળો અનુભવ અને વિન્ડોઝ સર્વર અને SQL સર્વર આધારિત વર્કલોડ્સને એઝયોરમાં સ્થળાંતરીત કરવાની નિપૂર્ણતા દર્શાવે છે.

ગ્રાહકની સફળતાની આસપાસનાં ચુસ્ત ધોરણો અને સ્ટાફ સ્કીલીંગ તેમજ માઈગ્રેશન પ્રેક્ટીસીસ માટેનાં થર્ડ પાર્ટી ઓડિટમાં ઉર્તીણ થતાં પાર્ટનર્સ જ વિન્ડોઝ સર્વર અને જીઊ- સર્વરનું એઝયોર એડવાન્સડ સ્પેશ્યલાઈઝેશનમાં માઈગ્રેશન કરી શકે છે.

કંપનીઓ તેમની એપ્લીકેશન્સને આધુનીકીરણ કરવા તરફ મીટ માંડીને ક્લાઉડ કોમ્પયુટીંગનાં સંપૂર્ણ ફાયદાઓ મેળવવા સજ્જ બની છે. તાજેતરનાં વિન્ડોઝ સર્વર 2008 R2 અને SQL સર્વર ૨૦૦૮ R2 માટેનાં એન્ડ- ઓફ સપોર્ટને કારણે આવી કંપનીઓ એસેસ, પ્લાન અને પ્રવર્તમાન વર્કલોડસને ક્લાઉડમાં સ્થળાંતરિત કરવા માટે પાર્ટનર તરફ મીટ માંડી રહી છે.

માઈક્રોસોફ્ટ કોર્પનાં કોર્પોરેટ વાઈસ પ્રેસિડેન્ટ-વન કોમર્શિયલ પાર્ટનર ગેબ્રિલા શુસ્ટરએ જણાવ્યું હતું કે માઈક્રોસોફ્ટ એઝયોર એડવાન્સડ સ્પેશ્યલાઈઝેશનમાં વિન્ડોઝ સર્વર અને SQL સર્વર માઈગ્રેશન કરી શકનારા પાર્ટનર્સને સક્ષમ માનવામાં આવે છે. બિટસ્કેપે દર્શાવ્યું છે કે તેમનાં બંને ક્ષમતાઓ સ્કીલ્સ અને અનુભવ છે, કે જે ગ્રાહકોને સરળ સ્થળાંતર કરાવી શકે છે.

ધુણસોલના યુવાનોની આત્મ નિર્ભર બનવાની પ્રેરક પહેલ

ગામે ગામ ફરી મરચાનું 'ઓન લાઈન' વેચાણ

બનાસકાંઠા સહિત રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. પરંતુ યુવાનોની ×વ્હાઈટ કોલર જોબ× ની ઘેલછાના કારણે બેરોજગારોનો રાફડો ફાટ્યો છે. જેથી અનેક આશાસ્પદ યુવાનોનું ભાવિ રોળાય છે. જેના પગલે ચોંકી ઉઠેલી સરકારે યુવાનો માટે અવનવી યોજનાઓ અમલી બનાવી છે. જેથી સરકારી નોકરી ના મળતા ભણેલા ગણેલા અનેક યુવાનો નાના મોટા ધંધા - રોજગારમાં જોડાઈ પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે. એવી જ રીતે દિયોદર તાલુકાના ધુણસોલ ગામના યુવાન

સરકારી નોકરીનો મોહ છોડી ધંધા - રોજગાર દ્વારા આત્મ નિર્ભર બને તે માટે અભિયાન છેડયું છે. જેમાં સુર પુરાવતા ધુણસોલના યુવાનોએ ગામે ગામ ઓનલાઈન મરચાંના વેચાણ થકી આત્મ નિર્ભર બનવાની પ્રેરણાદાયી પહેલ કરી છે.

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકા સહિતના ગામડાઓમાં લોક જાગૃતિના કારણે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ગરીબ અને મધ્યમ વર્ગના માં - બાપ પણ ઉજળા ભવિષ્યની આશાએ પોતાના સંતાનોને પેટે પાટા બાંધીને ભણાવે છે. યુવાનો પણ નાની મોટી સરકારી નોકરી મળવાની આશાએ દિલ દઈને ઉચ્ચ ભણતર મેળવે છે. પરંતુ સરકારી નોકરીઓનું પ્રમાણ દિન પ્રતિદિન ઘટતું જાય છે ઉપરથી ગળાકાપ હરિફાઈના કારણે અનેક યુવાનો બેકારીના ખપ્પરમાં હોમાય છે. તેથી તેમની સાથે તેમના મા બાપના આશા અરમાનો અને સપના ચકનાચૂર થઈ જાય છે. જેના કારણે સરકારે યુવાનો સ્વ રોજગારી દ્વારા આત્મ નિર્ભર બને તે ભરતજી બાબુજી ઠાકોર, રમેશજી છગનજી ઠાકોર ,ભરતજી છગનજી ઠાકોર વગેરે યુવાનોએ બેકાર બેસી રહેવાને બદલે ભાગમાં પીકઅપ ડાલુ લાવી તેમાં મરચુ દળવાની ઘંટી ગોઠવીને ગામે ગામ ગ્રાહકોની નજર સામે ગુણવત્તાવાળું મરચું બજાર ભાવ કરતા પણ વ્યાજબી ભાવે વેચી રહ્યા છે. ગ્રાહકોને પણ ઘર આંગણે મન પસંદ કુમઠી, રેશમ પટો, દેશી મરચુ ,પટણી મરચુ, તેજા કાશ્મીરી બેડકી વગેરે અલગ અલગ જાતનું મરચું કીફાયતી ભાવે મળવા લાગ્યું છે. જેથી દિન પ્રતિદિન વેચાણ વધતા યુવાનોના પરિવારનું 'વટ કે સાથ' ભરણ પોષણ થવા લાગ્યું છે. જેના કારણે સ્વમાની યુવાનોની આત્મ નિર્ભરતા ગામે ગામ પ્રશંસાને પાત્ર બની છે. ત્યારે અન્ય યુવાનો પણ તેમના ઉપરથી પ્રેરણા લઈ શરમને નેવે મૂકી નાના ધંધા રોજગાર દ્વારા પરિવારનું પાલન પોષણ કરી 'અપના હાથ જગન્નાથ' કહેવત સાર્થક કરે તે સમયનો તકાજો છે.

વડગામ તાલુકાની વર્ષો જુની માગણી સંતાષાઇ, જલોતરા મા જીઆઇડીસી બનાવાશે

વડગામ,

વડગામ તાલુકા માં છેલ્લા ઘણા સમય થી જીઆઇડીસી બનાવવા માટે લોકોમાં માંગ ઉઠી હતી.જેને ભાજપ ની રૂપાણી સરકારે જલોતરા ખાતે નવી જીઆઈડીસી બનાવવા ની જાહેરાત કરી હોવાનો મેસેજ સોશ્યલ મીડિયા માં વાયરલ થતાં તાલુકાના લોકોમાં આનંદ છવાયો છે. વડગામ તાલુકામાં ૧૨૦ જેટલા ગામડાઓ આવેલા છે.જિલ્લાનો સૌથી મોટો તાલુકો વડગામ આઝાદીના દાયકાઓ પછી પણ વિકાસથી વંચિત રહ્યો છે.વડગામ તાલુકા મથક હોવા છતાં તાલુકા માં એસ.ટી?.ડેપો બનાવાયો નથી.તાલુકામા સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે પરંતુ આરોગ્ય કેન્દ્ર માં પુરતા પ્રમાણમાં સ્ટાફનો પણ અભાવ વર્તાય રહ્યો છે.તાલુકા મથકે વર્ષોથી લોકોની માગણી જીઆઇડીસી બનાવવા માટે કરાઇ રહી હતી.વડગામ શહેર તાલુકા નું મથક હોવા છતાં પણ આજે પણ વડગામ નો વિકાસ શૂન્ય જોવા મળી રહ્યો છે.તાલુકાની જનતા ને વડગામ ખાતે જીઆઇડીસી બને તો તાલુકા ની આસપાસ થી આવતા અન્ય ગામડાઓ ના લોકોને ધંધો રોજગાર મળી રહે તેવી આશા લોકોમાં મંડાઇ રહી હતી.ત્યારે ભાજપ સરકાર ના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વડગામ તાલુકાને નવી જીઆઈડીસી અપાઇ હોવાના વાવડ સોશ્યલ મીડિયા માં વાયરલ થતાં જ વડગામ પંથકના નવીન જીઆઇડીસી ને લઇને તાલુકા ના લોકો માં વર્ષોજૂની માગણી સંતાષાતો આનંદ છવાયો છે.

રાજ્યના મુખ્યમંત્રી દ્વારા વિજયભાઈ રૂપાણી દ્વારા ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી સમયે તાલુકા ની પ્રજાજનોને તાલુકા માં જીઆઇડીસી બનાવવા વચન વચન આપાયુ હતું. જે અંગે વડગામ તાલુકા માં જીઆઇડીસી બનાવવા ની જાહેરાત કરાતાં ભાજપ ની સરકારે વડગામ ની જનતાને જીઆઇડીસી ની ભેટ અપાઇ છે.

બોક્સ જલોતરા મા ત્રણ મહિના પહેલા જ બનાસડેરી ની ચુંટણી સમયે બનાસડેરી ના ચેરમેન અને રાજ્યના પૂર્વ આરોગ્ય મંત્રી શંકરભાઇ ચૌધરી એ જલોતરા મા જીઆઇડીસી બનાવાશે તેવી જાહેરાત કરાઇ હતી અને તે વિડીયો આજે સોશ્યલ મીડિયા માં વાયરલ થયો હતો.

ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે ટેક્ષ હોલીડેનો લાભ આપવો કે કેમ તે અન્ય સંસ્થાઓના નિર્ણયોના અભ્યાસ પછી નિર્ણય લેવામાં આવશે તેમ પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

મહાનગરપાલિકાને નવી કોઈ સેવા આગામી નાણાંકીય વર્ષમાં પ્રાપ્ત થશે નહિ તેવો ડ્રાફ્ટ બજેટમાં ગર્ભિત ઈશારો કરવામાં આવ્યો છે. નાગરિકોની સુખ સુવિધામાં વધારો થાય અને વિવિધ માળખાકીય સુવિધાના કામોનો આ ડ્રાફ્ટ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૨૦૨૧-૨૨માં નવા વાહનોની ખરીદી માટે રૂ. ૧૧૩૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જો કે વ્હીકલ પુલની કામગીરી ક્યારે પુરી થશે તે વિશે બજેટમાં મૌન સેવવામાં આવ્યુ છે.

વિસ્તાર વૃદ્ધિ થઈ હોવાથી મહેકમ વૃદ્ધિ પણ થશે તેવો એકરાર કમિશનરે પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ કે ભરતી જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવનાર છે. બીજી ભરતી માટેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે અને તેમાં સમય લાગશે પરંતુ બહુ ઝડપથી તેની ભરતી પણ કરવામાં આવે તેવા મનપાના પ્રયાસો રહેશે તેમ તેમણે કહ્યુ હતુ.

રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૫૧ દર્દીઓ નોંધાયા

અત્યાર સુધીમાં કુલ ૨૪૮૬૫૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં નવા ૯૧ કેસ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૪૫૧ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૭૦૦ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૪૮,૬૫૦ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૬.૨૮ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઇન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૫,૨૪૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૧ છે. જ્યારે ૫,૧૮૯ લોકો સ્ટેબલ છે. ૨,૪૮,૬૫૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૭૪ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૨ વ્યક્તિના મોત નિપજ્યું છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૦૧ અને ડાંગના ૦૧ વ્યક્તિનું કોરોનાને કારણે મોત નિપજ્યું છે. પ્રકારે ગુજરાતમાં કુલ ૦૨ લોકોનાં જ મોત નિપજ્યાં છે.

પાલનપુર ખાતે આશાવર્કર બહેનોએ જતાવ્યો વિરોધ

કોરોના કાળમાં પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર આશા બહેનોએ પોતાની પડતર માગણીઓને લઈને આજે કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું હતું. કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે આરોગ્ય ક્ષેત્રે પાયાની કામગીરી આશા બહેનોએ પોતાની કે પોતાના પરિવારના આરોગ્યની ચિંતા કર્યા વગર કરી છે. ત્યારે આ બહેનોને કોરોના સર્વે અને કોરોના વેકસીન સર્વેનું મહેનતાણું પણ હજીસુધી મળ્યું નથી. ત્યારે ઇન્સેટિવ ન મળતા નારાજ આશા વર્કર બહેનોએ આજે કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી. આશા બહેનોને રૂ ૧૦૦૦ અને આશા ફેસિલેટર બહેનોને રૂ.૫૦૦ જેટલું મામુલી ઇન્સેટિવ જાહેર કરાયુ હતું. જે પણ જૂન મહિનાથી મળ્યું ન હોઈ પોતાના હક માટે અવાજ ઉઠાવતા આશાબહેનોએ વિરોધ જતાવતા આવેદનપત્ર પાઠવ્યું હતું.

પાલનપુરમાં પૂર્વ પ્રેમીની પત્ની સહિત પરિવારે પરિણીતાને મારી રસ્તામાં ઢસેડતા સાત સામે ફરીયાદ

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુરમાં એક પરીણિતાને પુર્વ પ્રેમીના પરિવારે માર માર્યો હોવાની ફરીયાદ નોંધાઇ છે. શહેરની એક મહિલા અગાઉ ગોબરી રોડ પર રહેતાં સતીષભાઇ ઉર્ફે સુર્યવીર કમલેશભાઇ ઓડ (વાવરૂ) સાથે પ્રેમસંબંધમાં હતી. આ દરમ્યાન મહિલાના લગ્ન થયા બાદ તેના પ્રેમીને લઇ પતિ સાથે માથાકૂટ થતાં તેને એકાદ વર્ષ પહેલાં સંબંધ કાપી નાંખ્યો હતો. જે બાદમાં અચાનક ૧૨ જાન્યુઆરીએ તેના પુર્વ પ્રેમીની પત્નિ સહિતના આરોપીઓ તેના ઘરે પહોંચ્યા હતા. આ દરમ્યાન તે પરણિતા ફ્લેટમાંથી નીચે આવતાં આરોપીઓએ કહેલ કે, તુ હજી કેમ સતીષને બોલાવે છે ? જેથી ફરીયાદી મહિલાએ કહેલ કે, છેલ્લાં એકાદ વર્ષથી મે તેની સાથે સંબંધ તોડી નાંખેલ હોવાથી હું તેને બોલાવતી નથી.

તેમછતાં સતીશ કમલેશભાઈ ઓડ સહિતના આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ તેણીને ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. આ સાથે તેના એક્ટિવાને પણ ૧૫૦૦ નું નુકશાન કર્યુ હોવાનું ફરિયાદમાં લખાવ્યુ છે. જે બાદમાં આરોપીઓએ મહિલાને ફ્લેટના પથ્થરના રસ્તેથી ઢસેડી દિલ્હી ગેટ સુધી લઇ જઇ ત્યાંથી રીક્ષામાં બેસાડી મહિલા પોલીસ સ્ટેશને મુકી જતાં રહ્યાં હતા. જોકે જતાં-જતાં હવે પછી પાલનપુરમાં દેખાઇ તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી હતી. સમગ્ર ઘટના બાદ મહિલાના પૂર્વ પ્રેમીએ આવીને કહેલ કે, જો તું મારા પરિવાર સામે ફરીયાદ નોંધાવીશ તો હું તારી સાથે લગ્ન નહીં કરૂ અને તને જાનથી મારી નાંખીશ. ઘટનાને લઇ મહિલાએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે અઓપીઓ સામે ગુનો નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આગથળા પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી

રસ્તે ચાલતા વાહન ચાલકો તથા રાહદારીઓની સલામતી અને સુરક્ષા માટે ગુજરાત પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે જે ૧૮/૦૧/૨૦૨૧ થી ૧૭/૦૨/૨૦૨૧ સુધી એક મહિના સુધી માર્ગ સલામતીના પ્રોગ્રામ થકી જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવશે ત્યારે આગથળા પોલીસ દ્વારા લાખણી ખાતે પી. એસ. આઈ. પી. એન. જાડેજા સહિતના સ્ટાફે હાજર રહીને દરેક વાહન ચાલકોને માર્ગ સલામતી માટે ના પેમ્ફલેટનું વિતરણ કર્યું હતું અને દરેક વાહન ચાલકોને વાહન ચલાવવામાં

તકેદારી રાખવા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. આગથળા પોલીસ દ્વારા ટ્રાફિકની સરાહનીય કામગીરી કરીને માર્ગ સલામતીનો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો.